ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૬-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

કોંગ્રેસ ચૂંટણી સમરાંગણના વિજયલક્ષી આયોજનમાં વ્યસ્ત

મનમોહનસિંહની મજાક ઉડાડનારા અને રાહુલ ગાંધીને નાદાન કહી ઉતારી પાડનારા પ્રતિસ્પર્ધી નેતાઓને યાદ હોવું જોઈએ કે કોંગ્રેસની સ્થાપના એના મુખ્ય હરીફ ભાજપ કરતાં બરાબર સો વરસ પહેલાં થઈ હતી. આ સો વરસની સિનિયોરિટી કોંગ્રેસ માટે વારંવાર આવતા રહેતા પડકારો સામેની જીવનરક્ષક ઢાલ બનતી રહી છે. ભાજપ પાસે આઝાદીની ઐતિહાસિક લડાઈમાં સક્રિય ભાગ ભજવનાર નેતા કોણ છે? સમ ખાવા પૂરતા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પાસે સાવરકર જેવાં આંગળીના વેઢા પણ પૂરા ન થાય એવા સરફોરશ દેશભક્તો હશે. પરંતુ ભાજપ તો કોંગ્રેસના જ ઘરમાં ખાતર પાડીને સુભાષચંદ્ર બોઝ અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા કોંગ્રેસી નેતાઓના નામે ગાડું ગબડાવતો રહ્યો છે. ગુજરાત પૂરતા સરદાર કદાચ ચાલી પણ જાય કારણ કે એમને વડાપ્રધાન નહીં થવા દેવાયાનું આળ આમ તો મહાત્મા ગાંધીના ખાતે જમા થવું જોઈએ પણ લાભાર્થી તરીકે પંડિત જવાહરલાલ નહેરૂ હતા અને કોંગ્રેસને દેખીતી રીતે નહેરુ-ગાંધી પરિવારની જાગીર બનાવી દેવાઈ હોય એવું આ દેશની જનતાને કદાચ લાગવા પણ માંડ્યું છે. તેથી સરદારનું નામ આગળ કરીને ભાજપ લોકમતને પોતાની તરફેણમાં આણવામાં ગુજરાત પૂરતો સફળ પણ થયો છે. જો કે રાષ્ટ્રીય સ્તરે ગુજરાત સિવાયના પ્રદેશોમાં આજ પર્યંત સરદાર ચુસ્ત ગાંધીવાદી અને અઠંગ કોંગ્રેસી તરીકેની ઈમેજ ધરાવે છે. ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર- ગાંધી હત્યાનું આળ આવતાં પ્રતિબંધ મૂકનારા ગૃહપ્રધાન પણ આ સરદાર પટેલ જ હતા, તેની કોંગ્રેસને તો બરાબર સ્મૃતિ છે. જરૂર પડ્યે આર્કાઈઝમાં સચવાયેલા દસ્તાવેજોનો આશરો લઈને પણ કોંગ્રેસ ભાજપની બોલતી બંધ કરી શકે એમ છે. આવી પૂર્વ તૈયારી લેખે કોંગ્રેસે એના સંગઠન માળખાને સાબદું બનાવી આગામી ચૂંટણી યુદ્ધની ચોપાટ ગોઠવવા માંડી છે. ગુજરાતના રાષ્ટ્રીય નેતા અહમદ પટેલનો દબદબો અકબંધ રહેવા પામ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષાના આજીવન રાજકીય સલાહકાર હોવું એ કોઈ નાનીસૂની ઉપલબ્ધિ નથી. ઘણા બધા હોદ્દેદારોની ડ્યૂટી બદલાઈ ગઈ છે પણ સોનિયા ગાંધીની વિશ્વાસુ ત્રિપુટી- અહમદ પટેલ, મોતીલાલ વોરા અને જનાર્દન દ્વિવેદીનાં સંગઠન-ખાતાં યથાવત જ રહ્યાં છે. અજય માકન, સી.પી. જોશી અને અંબિકા સોની જેવાં મંત્રીપદાં સંભાળનારા અગ્રણી નેતાઓની કાર્યદક્ષતાનો સંગઠનક્ષેત્રે વિનિયોગ કરાઈ રહ્યો છે. દિગ્વિજયસિંહ જેવા સિનિયર કોંગ્રેસી નેતાને આંધ્ર-કર્ણાટક અને તમિલનાડુ જેવા પ્રદેશોમાં કાર્યભાર સોંપાયો છે. સૌથી ધ્યાન ખેંચે એવી બાબત છે મધુસૂદન મિસ્ત્રીને સોંપાયેલી જવાબદારી. ઉત્તરપ્રદેશના પ્રભારી મહામંત્રી તરીકે ભારતીય જનતા પાર્ટીએ નરેન્દ્ર મોદીના જમણા હાથ ગણાતા અમિત શાહને જવાબદારી સોંપી છે. જાણે ઇંટનો જવાબ પથ્થરથી વાળતા હોય એમ રાહુલ ગાંધીએ ગુજરાતી સામે ગુજરાતીને ભિડાવી દઈ રોમાંચક વ્યૂહરચનાનો અણસાર આપ્યો છે. સાબરકાંઠાના પૂર્વ સાંસદ અને ગાંધીનગર નિવાસી મધુસૂદન મિસ્ત્રી નીવડેલા સંગઠક છે, સમર્પિત ગરીબલક્ષી નેતા છે અને રાહુલ ગાંધીના તો રાજકીય સલાહકાર જ ગણી શકાય એવા વિશ્વાસુ સાથી છે. એમની સ્વચ્છ પ્રતિભા અને તીવ્ર મેધા સામે વિવાદસ્પદ કારકિર્દી ધરાવતા અમિત શાહ માટે કોંગ્રેસને ભ્રષ્ટાચારીઓનો પક્ષ કહી ભાંડવાનું ઘણું મુશ્કેલ બની રહેશે. કોંગ્રેસે સમયસર ૨૦૧૪ની ચૂંટણી જીતવા માટેની કવાયત શરૂ કરી દીધી છે. કેબિનેટમાં કરાયેલ ફેરફારો અને નવી નિમણૂકો પણ આ જ કવાયતનો હિસ્સો છે. એનડીએ વેરવિખેર થઈ ગયું છે. અને ભાજપ બે જૂથોમાં વહેંચાઈ ગયો છે. ત્યારે કોંગ્રેસ એની બાજી સિફતથી ચીપીને ચુપીએ ગઠબંધનને વિશેષ અસરકારક બનાવવાની દિશામાં જાગ્રત પ્રયાસો કરી રહ્યું છે અને 'પહેલો ઘા રાણાનો' ન્યાયે એણે પોતાના મજબૂત મહારથીઓને યોગ્ય જગ્યાએ સ્થાપિત કરી દીધા છે. ભાજપમાં ચાલતી ભવાઈ સામે રાષ્ટ્રીય પક્ષ તરીકે કોંગ્રેસ અત્યંત શિસ્તબદ્ધ અને રાજકીય સૂઝવાળી જમાત ન લાગે તો જ નવાઈ.

વેપારીઓ દ્વારા વાલીઓ પાસેથી ઉઘાડી લૂંટ

પાઠ્યપુસ્તકોનો ૪૦૦ ગણો ભાવ વસુલી હાલ ઉઘાડી લુંટ

પાઠ્યપુસ્તકોની અછતથી વાલીઓ-વિદ્યાર્થીઓ પરેશાન

અમદાવાદ, તા.૧૭

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૬ થી ૯નાં અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જો કે આ બદલાયેલા અભ્યાસક્રમવાળા પાઠ્યપુસ્તકો બજારમાં પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન બનતા વેપારીઓ પુસ્તકોની કાળાબજારી કરી રહ્યા છે. તેમાંય કેટલાક મહત્વના વિષયોના પુસ્તકોનાં તો મુળ કિંમત કરતા ૪૦૦ ઘણા ભાવો વસુલાતો હોવાથી ચાલુ વર્ષે વાલીઓ ઉપર વધારાનો બોજો પડ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૬ થી ૯નાં પાઠ્યપુસ્તકો બદલવામાં આવ્યા હતા ત્યારબાદ વેપારીઓએ ગત વર્ષના કરોડો રૂપિયાના પુસ્તકો પસ્તિ બની જતા હોવાથી તીવ્ર વિરોધ નોંધવામાં આવ્યો હતો. જેનાં કારણે બોર્ડ દ્વારા મુળ પાઠ્યપુસ્તકો યથાવત રાખી સુધારાની પુરવણી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે પાછળથી સમાધાન થઈ જતાં જ્યાં પાઠ્યપુસ્તકો બજારમાં મુકવાની જાહેરાત કરાઈ હતી. જો કે નવા બદલાયા અભ્યાસક્રમો સાથેના પાઠ્યપુસ્તકો બજારમાં પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ બન્યા નથી. જેનો લાભ લઈ વેપારીઓ દ્વારા પાઠ્યપુસ્તકોના ૧૦૦થી ૪૦૦ ટકા વધુ ભાવ વસુલ કરવામાં આવી રહ્યો છે. જેમાંય ખાસ કરીને કોમ્પ્યુટર, સંસ્કૃત અને ગૃહવિજ્ઞાનના વિષયોના પુસ્તકોના ભાવ તો આસમાનને આંબી ગયા છે.

બીજી તરફ રાજ્યમાં ધોરણ ૧ થી ૧૨નું નવું શૈક્ષણિક સત્ર ૧૦ જુનથી શરૂ થઈ રહ્યું છે. પરંતુ હજી સુધી ધોરણ ૧ થી ૧૨નાં પુસ્તકો જ બજારમાં ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓ વાલીઓ મુંઝવણમાં મુકાઈ ગયા છે. આ અંગે શહેરના એક વાલી અગ્રણી રાહુલ ઘાંચીએ જણાવ્યું હતું કે શાળાઓ ખુલ્લે આજે એક સપ્તાહ વીતી ચુક્યું છે તેમાંય ધોરણ-૧૦ અને ૧૨ના ટ્યુશન કલાસીસોથી બે મહીનાથી ચાલી રહ્યા છે. તેમ છતાં હજુ સુધી બજારમાં પાઠ્યપુસ્તકો જ ઉપલબ્ધ નથી અને બજારમાં જે પુસ્તકોનો જુજ જથ્થો ઉપલબ્ધ છે તેનો લાભ ઉઠાવી વેપારીઓ ૧૦૦થી ૪૦૦ ઘણો ભાવ વસુલી રહ્યા છે. તેથી નિદ્રાધીન પાઠ્યપુસ્તક બોર્ડ સત્વરે જાગે અને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખી સત્વરે પાઠ્યપુસ્તકો બજારમાં ઉપલબ્ધ કરાવે તે જરૂરી છે. આ અંગે જ્યારે પાઠ્યપુસ્તક મંડળના ડાયરેક્ટરના સંપર્ક કરવાનો પ્રયત્ન કરાયો ત્યારે તેમણે ઝડપથી બજારમાં પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ બનશે.

તેમ છતાં જે વિદ્યાર્થીઓ ઓનલાઈન પાઠ્યપુસ્તકો ડાઉનલોડ કરવા માંગતા હોય તેમના માટે બોર્ડની વેબસાઈટ ઉપર પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ છે. જો કે બોર્ડની વેબસાઈટ ઉપરથી પુસ્તકોની પ્રિન્ટ કઢાવા માટે વિદ્યાર્થીઓએ પુસ્તક દિઠ ૧૫૦ થી ૨૦૦ રૂપિયાનો ખર્ચો કરવો પડે તેમ હોવાથી વિદ્યાર્થીઓને પરવડે તેમ નથી.

મે તને કહ્યું હતું.... ફાધરને ફાધર્સ ડે વીશ કરવા ન જા...!!

ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી દ્વારા સંચાલિત ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજનું પ્રથમ વર્ષ પી.ટી.સી.નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. કોલેજની છ વિદ્યાર્થીનીઓએ મહેસાણા જિલ્લામાં પ્રથમ દસમાં સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

એસ.વી. પી.ટી.સી. કોલેજ કડીનું પ્રથમ વર્ષ પી.ટી.સી.નું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. બોર્ડના ૬૫ ટકા પરિણામ અને મહેસાણા જિલ્લાના ૩૩.૩૩ ટકા પરિણામ સાથે કડી કોલેજની તાલીમાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કર્યું છે. મહેસાણા જિલ્લામાં પ્રથમ દશ તાલીમાર્થીઓમાં ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજની તાલીમાર્થીની ઊર્વી પટેલ ૮૧ ટકા, પરિતોષ ચૌધરી ૭૮ ટકા, વિષ્ણુભાઈ દોમડા ૭૮ ટકા, મહેશભાઈ મેર ૭૮ ટકા, હિનાબેન વાણંદ ૭૫ ટકા અને કિંજલબેન ચૌધરી ૭૪ ટકા સાથે ઉત્તમ પરિણામ પ્રાપ્ત કર્યું છે. સંસ્થાના ચેરમેન અને મંત્રીઓએ સફળ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

બોર્ડની પરીક્ષાનું પરિણામ બાદ વિચારણા

ડિપ્લોમાની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાય તેવી સંભાવના

૨૧મી જૂને ડિપ્લોમા અભ્યાસક્રમમાં ફેરફાર કરવા માટે જીટીયુની બેઠક મળશે : પદ્ધતિમાં ફેરફારને લઈને ચર્ચા

અમદાવાદ, તા.૧૭

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ૨૧મી જૂને ડિપ્લોમા એન્જિનીયરીંગની પરીક્ષા અને અભ્યાસક્રમમાં ફેરબદલને લઈ એક મહત્વની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર અને ડિપ્લોમા એન્જિનીયરીંગના નવા અભ્યાસક્રમ અંગે ચર્ચા કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું પરીણામ જાહેર થયા બાદ જીટીયુ સંલગ્ન ડિપ્લોમા એન્જિનીયરીંગ કોલેજોમાં પ્રવેશ માટેની કાર્યવાહી અત્યારે ચાલી રહી છે ત્યારે જીટીયુ દ્વારા ડિપ્લોમા એન્જિનીયરીંગના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાનું નક્કી કરાયું છે. જેને લઈ જીટીયુની એક ખાસ બેઠક બોલાવવામાં આવી. આ બેઠક ૨૧ જૂનના રોજ મળશે જેમાં ડિપ્લોમા એન્જિનીયરીંગમાં હાલમાં અમલમાં પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર અંગે ચર્ચા કરી અંતિમ નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ડિપ્લોમા એન્જિનીયરીંગ ત્રીજા સેમેસ્ટરના મોડલ પેપર માટે અને નવા સબ્જેક્ટ અંગે ઓરીએન્ટેશન પ્રોગ્રામ દાખલ કરવા માટે પણ બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે લાંબા સમયથી ડિપ્લોમાં એન્જિનીયરીંગના અભ્યાસક્રમમાં કેટલીક તકનીકી ખામીઓ હોવાના કારણે બદલવાની માંગ કરવામાં આવી રહી ત્યારે ૨૧ જૂને મળનારી જીટીયુની બેઠકમાં ડિપ્લોમા એન્જિનીયરીંગના અભ્યાસક્રમમાં ફેરફાર કરવા અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

ગણિત અને વિજ્ઞાનમાં ૧૦૦ ગુણ મેળવતી કુ. પ્રાચિ વ્યાસ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયું છે. જેમાં નવા નરોડાની સાગર હાઈસ્કૂલની વિદ્યાર્થીની કુમારી પ્રાચિ નિમેષકુમાર વ્યાસે ૬૦૦માંથી ૫૭૪ ગુણ પ્રાપ્ત કરી ૯૫.૬૬ ટકા સાથે ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કર્યું છે.

કુ. પ્રાચિ વ્યાસે ધો-૧૦માં ૯૯.૯૯ પર્સન્ટાઈલ સાથે ૯૫.૬૬ ટકા મેળવી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે. તેણે ગણિત અને વિજ્ઞાન વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરી પોતાની તેજસ્વીતાને ચરિતાર્થ કરી છે. તાણીતાની આત્મવિશ્વાસથી છલોછલ છે અને દૃઢ મનોબળ સાથે એવું માને છે કે કોઈ પણ કાર્યને સંપૂર્ણતાથી વળગી રહેવામાં આવે તો સફળતા ચોકકસ મળે છે.

જિલ્લાના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ગુણ ચકાસણી માટે બોર્ડમાં અરજી કરી

ધો-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી માટે ઉત્સુક

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલી બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ ધો-૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ગુણ ચકાસણી માટે અરજી કરી છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચમાં લેવાયેલી બોર્ડ પરીક્ષાનું તબક્કાવાર પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ હાલ પ્રવેશ કાર્યવાહીમાં લાગી ગયા છે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના પરિણામની ટકાવારીમાં ઘણો તફાવત જોવા મળ્યો છે જ્યારે બોર્ડ દ્વારા જાહેર થયેલા પરિણામના અંતે માર્કશીટમાં છબરડા થયા હોવાના કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. જેમાં શાળા કક્ષાએથી લેવાયેલી પ્રેકટીકલ પરીક્ષાના ગુણમાં પણ માર્કશીટમાં ગંભીર ક્ષતિઓ રહી ગઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. પરીક્ષાનું પરીણામ જાહેર થયા બાદ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ પુનઃ ગુણ ચકાસણી માટે પણ શિક્ષણ બોર્ડમાં અરજી કરી છે. પરિણામથી સંતોષ ન હોય તેવા જિલ્લામાંથી ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ રી-એસેસમેન્ટ માટે અરજી સુપ્રત કરી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી મહિતી અનુસાર ધો-૧૨ સામાન્ય પ્રવાહ માટે અંદાજિત ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ગુણ ચકાસણી માટે અરજી કરી છે જયારે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના પણ ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ગુણ ચકાસણીનો વિકલ્પ પસંદ કર્યો છે. આગામી દિવસોમાં પણ હજુ અન્ય અરજીઓ મળે તેવી સંભાવના છે.

જીટીયુના ૨૦૦ વિદ્યાર્થી યુએસએ-કેનેડામાં જશે

અમદાવાદ, તા.૧૭

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અમેરીકા અને કેનેડામાં એક મહીનાનાં ટ્રેનિંગ કેમ્પમાં ભાગ લેવા પહોંચી ગયા છે. જીટીયુ દ્વારા સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ અમેરીકાની કેન્સાસ યુનિવર્સિટીમાં આ ૨૦૦ વિદ્યાર્થીઓનો એક મહીનાનો અભ્યાસક્રમ આજથી શરૂ થઈ ગયો છે.

પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિ અક્ષય અગ્રવાલે અમેરીકા અને કેનેડાની કેન્સાસ યુનિવર્સિટી સાથે કરાર કર્યા હતા. જે મુજબ દર વર્ષે બંને યુનિવર્સિટીના ૨૦૦-૨૦૦ વિદ્યાર્થીઓ એક મહીના માટે એક બીજા યુનિવર્સિટીમાં અભ્યાસ કરશે જેના ભાગરૂપે જીટીયુનાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ કેન્સાસ યુનિવર્સિટીમાં એક મહીનાના અભ્યાસ માટે અમેરીકા અને કેનેડા પહોંચી ગયા છે. આ વિદ્યાર્થીઓ શુક્રવારે જ અમેરીકા-કેનેડા પહોંચી ગયા હતા જયાં તેમનાં એક મહીનાનાં અભ્યાસક્રમનો આજથી પ્રારંભ થયો છે. આ વિદ્યાર્થીઓ આગામી એક મહીના સુધી કેન્સાસ યુનિવર્સિટીમાં ત્યાંના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરશે જો કે કેન્સાસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ક્યારે જીટીયુમાં અભ્યાસ માટે આવશે તે અંગે હજી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

આજે એક તેજસ્વિની પ્રતિભાનું પુણ્યસ્મરણ

પ્રસંગસર
-પ્રા. ડૉ. રશ્મિકાન્ત મહેતા

ઇ.સ. ૧૮૫૮ની ૧૮મી જૂને, વિક્રમ સંવત મુજબ જેઠ સુદ સાતમના રોજ ગ્વાલિયરની યુદ્ધ ભૂમિ પર અંતિમ ક્ષણ સુધી મચક નહિ આપતાં ઝાંસીના રાણી વીરાંગના લક્ષ્મીબાઇએ વીરગતિ પ્રાપ્ત કરી. આજ રોજ આ તેજસ્વિની પરાક્રમ - પ્રતિભાની પુણ્યતિથિ છે ત્યારે દૃઢ નિર્ણય શક્તિ, અપ્રતીમ પરાક્રમ, સ્નેહભર્યો સ્વભાવ, કુશળ રાજનીતિજ્ઞ - એમનાં આવા અગણિત ગુણોનો સરવાળો ભાવિ પેઢી માટે પ્રેરણા બની રહ્યો છે. ૨૯ વર્ષની એકદમ તરૂણ વયમાં આજની તારીખે અવસાન પામેલાં લક્ષ્મીબાઇ ૧૮૫૭ના વિપ્લવનું એક યશોજ્જવલ સુવર્ણ પ્રકરણ છે.

સંસ્કૃત ભાષા કયારેય પણ મૃતભાષા રહી નથી. સાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપોમાં એમાં નિત્ય નૂતન વિષયોમાં સર્જન થયા કર્યું છે અને તેનાં પ્રકાશન થયા કર્યા છે. મહારાણી લક્ષ્મીબાઇ વિષે સંસ્કૃતમાં નાટકો પ્રકાશિત થયાં છે. મહારાણી લક્ષ્મીબાઇ વિષે સંસ્કૃતમાં નાટકો પ્રકાશિત થયાં છે. આ નાટકોમાંથી એકમાં ગૌણ પણે એમનું નિરૂપણ છે બાકીનાં બંને એમનાં વિષે જ લખાયેલાં છે. આ નાટ્યકારોમાં નાટકોમાં એમનું નિરૂપિત ચરિત્રચિત્રણ રસપ્રદ લાગે તેવું છે.

(૧) ભારત વિજય -

ઉત્તરપ્રદેશના મથુરા પ્રસાદ દિક્ષીતનું આ નાટક સાત અંકનું છે. ઝાંસીના સરસ્વતી સદનમાંથી આનું પ્રકાશન ઇ.સ.૧૯૩૭માં થયેલું છે. આનો આ જ વર્ષમાં શિમલા પાસેના સોલન ગામમાં રંગમંચ પર અભિનય થયો હતો. અંગ્રેજોએ ભારતમાં પ્રવેશ કર્યો ત્યારથી માંડીને વિદાય લીધી ત્યાં સુધઈનું કથાચક્ર આ નાટકમાં છે.

આ નાટકના પાંચમા અંકમાં ૧૯૫૭ના વિપ્લવની ઘટનાઓ છે. આમાં ઝાંસીની રાણીનું ઉદાત્ત પરાક્રમ અને વીરગતિનું વર્ણન છે.

(૨) સ્વાતંત્ર્ય લક્ષ્મી -

મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના સારન્દ ગામના શ્રીરામ વેલણકરે આ નાટકની રચના કરી. ઇ.સ.૧૯૬૩ના ડિસેમ્બરમાં આ નાટકનું આકાશવાણીના દિલ્હી કેન્દ્ર પરથી પ્રસારણ થયું હતું. તે રીતે આ રેડિયો રૂપક (નભોનાટ્ય) છે. ત્યાર પછી સુર ભારતી - ભોપાલથી પ્રકાશન આ જ વર્ષમાં થયું છે. નાટકમાં ત્રણ અંકો છે. લક્ષ્મીબાઇનો વિવાહ ઝાંસીની રાજા ગંગાધર પત્ન સાથે થયેલો. પરંતુ ઇ.સ.૧૮૫૪માં ૨૫ વર્ષની વયે એમનાં પતિનું અવસાન થયું. તે વખતે તે નિઃસંતાન હતા. તેથી તેણે સાત વર્ષના બાળક દામોદરને દત્તક લીધો. માનસલ્લ, રાણીને શસ્ત્રો અને શાસ્ત્રોનું જ્ઞાન આપતા. તાનચંડી એમને નૃત્યુનું શિક્ષણ આપતા. ડેલહાઉસીએ દત્તક વિધાન માન્ય ન રાખ્યું અને રાજ્ય સોંપી દેવા જણાવ્યું. રાણીએ યુદ્ધને સ્વીકારી લીધું. ઓચ્છાની રાણી લઢી એમની મદદમાં હતી. ઝાંસી અંગ્રેજોથી ઘેરાયેલું હતું. રામી મહત્ત્વનો પ્રાકાર મામલાન હતો. તેને રક્ષવા તેને ઘનગર્જન તોપ મૂકી. કાલપીથી તાત્યા ટોપે તેના લશ્કર સાથે મદદમાં આવ્યા. પરંતુ અંગ્રેજોએ તેને હરાવી દીધા. હવે રાણી ઝાંસીને બચાવવા કાલપી જવા તૈયાર થયાં. તેણે પુરૂષવેશ લીધો. તેની સખી ચેતનાએ ઝાંસીની રાણીનો વેશ લીધો, અને તે ઝાંસીમાં રહી. જતી વખતે રાણીએ પિતા મોરો પંતને અંતિમ સંદેશો કહ્યો, 'હું જીવું છું ત્યાં સુધી લોકોના હિતમાં કાર્યરત રહી છે, હંમેશા નિઃસ્વાર્થ સેવા કરી છે. મારી ઇચ્છા હતી, તો પણ હું પિતાનાં ચરણો સેવા કરી શકી નહીં. હે પિતા! તમે તમારી બાલિકાને મોટા રાણીનાં સ્થાને બેસાડી. આ તમારી લાડકી દિકરી 'મનુ' તમારા પગમાં પડેલી છે. તેને માફ કરી દો. ત્યાર પછી તે શત્રુની સેનાને વિંધિને પાર કરી ગયાં. ચેતના એ આત્મ સમર્પણ સંતોષ સાથે કર્યું. ત્યાર પછી ઝાંસી શત્રુના હાથમાં આવ્યું.'

ઇ.સ. ૧૮૫૦માં જહોન સ્ટોન હોટમેન દ્વારા લેવાયેલો ફોટોગ્રાફ

(૩) ભારત લક્ષ્મી -

પ્રવર્તમાન બાંગ્લાદેશમાં જન્મેલા યતિન્દ્ર વિમલ ચૌધરીનું આ દશઅંકી નાટક ઇ.સ.૧૯૬૭માં પ્રકાશિત થયું છે. લક્ષ્મીબાઇનો એકમાત્ર પુત્ર મરણ પામ્યો. એમણે જે પુત્રને દત્તક લીધો, તેને અંગ્રેજોએ માન્યતા ન આપી અને ઝાંસી છોડી જવા જણાવ્યું. રાણીએ ના પાડી દીધી અને યુદ્ધને સ્વીકારી લીધું. ઝાંસી માટે તેણે પોતાના શાજશણગાર ત્યજી દીધાં. યુદ્ધમાં કુલાજી નામનો એક પદાધિકારી વિશ્વાસઘાતી નિકળ્યો. એણે અંગ્રેજોને રાણીને હરાવવાના ઉપાયો બતાવી દીધા. મહારાણી 'નારી સેના' પણ બનાવી હતી. બાળકને પીઠ સાથે બાંધીને તે અંગ્રેજો સામે સતત લડતાં રહ્યાં. અંતે ગ્વાલિયરમાં યુદ્ધ દરમિયાન જ વીરગતિને પામ્યા.

આજે ૧૮મી જૂને અનેક રીતે પ્રેરણાદાયી આ પરાક્રમી નારી ચિત્રણનું પુણ્ય સ્મરણ થાય છે અને એને વિષય બનાવીને રચાયેલાં સંસ્કૃત નાટકોનાં પરિચયનો ઉપક્રમ રચાય છે.